ગાંધીનગર સમાચાર

## સે-૨૪ આદર્શનગર પીળા પટ્ટાના દબાણો દુર કરવા ઉગ્ર રજુઆત

# વિધાનસભા સંકુલમાં શાહ-બાપુની મુલાકાત

**બાપુએ મુલાકાત દરમ્યાન મજાકમાં મુખ્યમંત્રીને કહ્યુ “વિપક્ષની ચા તો પીવાય”... અમીત શાહનું સંકુલમાં ભાવભીનુ સ્વાગત**





ગાંધીનગર, તા. ૩૦

વિધાનસભાના અંદાજપત્ર સત્રના અંતિમ ચરણમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અને વડાપ્રધાનના ચાણક્ય તરીકે જેમની ગણના થાય છે તે અમીત શાહ આજે વિધાનસભા ગૃહની કાર્યવાહીમાં ભાગ લેવા આવ્યા હતા.

તેમના આ આગમનને પગલે પાટનગરમાં આજે આકાશી ગરમીની સાથે રાજકીય ગરમીનો માહોલ પણ બરાબર તપતો જણાયો હતો.

વિધાનસભા સંકુલમાં અમીત શાહ અને શંકરસિંહ વાઘેલાની મુલાકાતે તો રાજકીય ગરમીમાં અનેક તર્ક વિતર્ક વહેતા કરી દીધા હતા. જો કે વિપક્ષી નેતા શંકરસિંહ વાઘેલાએ તેમની મુલાકાતને ઔપચારિક લેખાવી હતી.

શંકરસિંહ વાઘેલાએ વિરામ પછીની બીજી બેઠકમાં જ અમીત શાહના પ્રવચન અંગે વાંધામુદ્દો ઉપસ્થિત કરી ગૃહનું અવમાન શાહે કર્યુ હોઈ માફી માંગે તેવી માંગણી કરી હતી.

વિપક્ષી નેતાની માંગણી પછી કોંગ્રેસી સભ્યોએ કરેલા સૂત્રોચ્ચારને પગલે રાજ્ય ગૃમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ મુકેલા પ્રસ્તાવ પર મતદાનને અંતે કોંગ્રેસી સભ્યો સસ્પેન્ડ કરાયા હતા.

વાઘેલાને મળવા માટે અમિત શાહ, મુખ્યમંત્રી રૂપાણી, પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણી ઉપસ્થિત હતા. વાઘેલાની ચેમ્બરમાં આ નેતાઓ માટે

● અનુસંધાન પાન-૭ પર

# આખરે સ્માર્ટસીટીની દરખાસ્ત કેન્દ્ર સરકારમાં રજુ

**સે. ૨૨માં સીટી સ્ક્વેર બનાવવા સહિત ૧૫ જેટલા પ્રોજેક્ટો દરખાસ્તમાં સમાવાયા : ૧૪૦૦ કરોડના ખર્ચના અંદાજો સાથે દરખાસ્ત મોકલાઈ**



ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર મહાનગર પાલિકાએ આજે ભારત સરકારમાં સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અંગેની પોતાની દરખાસ્ત રજુ કરી દીધી છે.

આજે સવારે મનપાના અધિકારીઓની અને કન્સલ્ટીંગ એજન્સી ટીમ દિલ્હી પહોંચી હતી અને તેણે આ દરખાસ્ત ભારત સરકારના શહેરી વિકાસ મંત્રાલયને સોંપી છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૧૪ થી ૧૫ જેટલા પ્રોજેક્ટ આ દરખાસ્તમાં રૂ. ૧૪૦૦ કરોડના સૂચવવામાં આવ્યા છે. જેમાં પાટનગરના રોડ એન્જીનીયરીંગમાં બદલાવ સહિતની બાબતોનો સમાવેશ થાય છે.

મનપાના સત્તાવાર સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ન્યુયોર્કના ટાઈમ્સ સ્કવેર જેવુ જ સીટી સ્ક્વેર સે. ૨૨માં બનાવવાનું આયોજન સૂચવવામાં આવ્યું છે. સે. ૨૨માં પંચદેવ મંદિરની પાછળના ભાગમાં રંગમંચ નજીકની ખુલ્લી જગ્યામાં આ સીટી સ્ક્વેર બનાવાશે.

આ ઉપરાંત રોડ એન્જીનીયરીંગમાં બદલાવ સૂચવતાં અન્ડરપાસ બનાવી અને સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટને આગળ ધપાવવાની વાત પણ દરખાસ્તમાં કરવામાં આવી છે.

૨૪X૭ પાણી પુરવઠો, મીટર પ્રથા લાગુ કરી દાખલ કરવાની

● અનુસંધાન પાન-૭ પર

# સે-૨૪ આદર્શનગર પીળા પટ્ટાના પાકા દબાણો દુર કરવા રજુઆત

**છેલ્લા એક દાયકાથી અસ્તિત્વમાં આવેલા દબાણો દુર ન થતા જટીલ સમસ્યા અડચણરૂપ દબાણોના લીધે વાહનોની અવરજવર પણ થઇ શકતી નથી**

ગાંધીનગર તા ૩૦

શહેરના સે-૨૪ ના આદર્શનગર પીળા પટ્ટા વિસ્તારમાં દબાણની સમસ્યાએ અજગર ભરડો લીધો છે. શહેરમાં દબાણના નામે માત્ર લારી ગલ્લા દુર કરી સંતોષ માની લેતા તંત્ર માટે જાણે આ દબાણો દુર કરવાનુ ચેલેન્જરૂપ બન્યુ છે. સોસાયટીમાં પ્લોટ જેટલી જગ્યામાં ગેરકાયદેસર રીતે દબાણો ખડકી દેવાયા છે. છેલ્લા એક દાયકાથી આ દબાણો દુર હટાવવા માટે અનેકવાર રજુઆતો થઈ છે. આમછતા દબાણોની સમસ્યા યથાવત છે. દબાણનો પ્રશ્ન ગંભીર બનતા સ્થાનિક રહીશો દ્વારા ત્વરિત આ અંગે યોગ્ય પગલા લેવા રજુઆત કરવામાં આવી છે.

શહેરના સેકટરોમાં દબાણોની ભરમાર જોવા મળી રહી છે. શહેરમાં લારી ગલ્લાના દબાણો દુર કરવામાં આવ્યા હતા તે પણ હાલ યથાસ્થાને ગોઠવાઈ ગયા છે. અલબત્ત શહેરમાં દબાણની અસરકારક કામગીરીના નામે મીંડુ છે. જયારે દબાણ હટાવ ઝુંબેશ દરમિયાન માત્ર કાચા દબાણો તેમજ લારી ગલ્લાનાને જ ટાર્ગેટ બનાવી નાટકીય ઝુંબેશ આટોપી લેવામાં આવે છે. ઝુંબેશના થોડા દિવસોમાં જ દબાણો ગોઠવાઈ જાય છે. બીજીતરફ સેકટરોમાં સરકારની ખાલી જગ્યામાં પણ દબાણોનો

● અનુસંધાન પાન-૭ પર

## પંચાયતમાં ખાલી જગ્યાઓ માટે બઢતી આપવા પસંદગી સમિતિ મળી

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે ખાતાકીય પસંદગી સમિતિ (ડી.પી.સી.)ની મહત્વની બેઠક મળી હતી. જેમાં સાત જેટલા સંવર્ગમાં બઢતી આપવા અંગે ચર્ચા વિચારણા કરી અને નિર્ણયો કરવામાં આવ્યા હતા.

પંચાયતમાં તલાટીમાંથી સર્કલ, જુ.કા.માંથી સિ.કા., સિ.કા.માંથી ના.ચી., કચેરી અધિક્ષક તેમજ વિસ્તરણ અધિકારી તરીકેની બઢતી અંગેના નિર્ણયો થયા હોવાનું જાણવા મળેલ છે.

હવે એપ્રિલના પ્રથમ કે બીજા સપ્તાહમાં આ અંગેના હુકમો જારી કરવામાં આવશે અને આ હુકમો થતાં જ પંચાયતની ઘણી બધી ખાલી જગ્યાઓ ભરાઈ જવા પામશે તેમ પંચાયતના સૂત્રો કહી રહ્યા છે.

મળતી વિગતો પ્રમાણે પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા તાજેતરમાં પાંચ જેટલા સંવર્ગની ભરતી માટે લેવાયેલ પરીક્ષા અને પરિણામ તેમજ ચકાસણી પણ સંપન્ન થતાં એપ્રિલના મધ્ય સુધીમાં ખાલી પડનારી બઢતી પામેલ જગ્યાઓ પણ ભરાઈ જશે.

# રેલવે પોલીસ ચોકી તોડવાની હીલચાલ વૈકલ્પિક વ્યવસ્થા માટે રજુઆત

**કરોડોના ખર્ચે તૈયાર થઇ રહેલી હોટલના પ્રોજેક્ટને અનુલક્ષી ચોકી તોડવા ફરમાન : મુસાફરોની સલામતી માટે પણ વૈકલ્પિક વ્યવસ્થા જરૂરી**

ગાંધીનગર તા ૩૦

કેપિટલ સ્ટેશનના વિકાસ માટે નવો એકશન પ્લાન અમલી બનાવાયો છે . જો કે રેલવે સ્ટેશનને અનુલક્ષી કરોડોના ખર્ચે ફાઈવ સ્ટાર હોટલ બનાવાની યોજના સંદર્ભે ગતિવિધિઓ શરૂ કરી દેવાઈ છે. ત્યારે રેલવે પોલીસ માટે નવી સમસ્યા સર્જાઇ છે. આ ઠેકાણે સ્થિત ચોકી તોડી નાંખવાના આદેશ સામે નવી વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરવાનો સુર ઉઠવા પામ્યો છે.

ગાંધીનગર રેલવે સ્ટેશનના વિકાસ માટે ફાઈવ સ્ટાર હોટલ બનાવવા સહીત સ્ટેશનને પણ અપગ્રેડ કરવાની યોજનાનુ કામ હાથ ધરવામાં આવી રહયુ છે. ત્યારે રેલવે સ્ટેશનની સલામતીના નામે આમ પણ અનેક વાર સવાલો મંડરાયા છે. તેવા સમયે હાલ સ્થળ પર સ્થિત પોલીસ ચોકીને પણ જમીનદોસ્ત કરવાનો નિર્ણય લેવાયો છે. સ્ટેશન બહાર સ્થિત ચોકીના જરૂરી વિજજોડાણ સહીતની લાઈન પણ કટઓફ કરી દેવામાં આવી છે. જયારે આઉટ પાસ્ટનુ મકાન તોડવાની હીલચાલથી પાલીસ કર્મચારીઓ માટે મુંઝવણ ઉભી થઈ છે. આઉટ પોસ્ટમાં કર્મચારીઓ રહેતા હોવાથી તેમના માટે જરૂરી વૈકલ્પિક વ્યવસ્થા કર્યા વિના જ ચોકી તોડવાની ગતિવિધિઓ શરૂ કરી દેવાઈ છે.

રેલવે સ્ટેશનમાં રોજબરોજ ચાર ટ્રેઈનોની અવરજવર રહે છે ત્યારે માડીરાત્રે પણ મુસાફરોની હીલચાલ સ્ટેશન પર જોવા મળે છે. આવા સંજોગોમાં મુસાફરોની સલામતી માટે સ્ટેશન પર પોલીસ ચોકી કાર્યરત રહે તે અનિવાર્ય છે. જયારે પોલીસ કર્મચારીઓને પણ આ માટે વૈકલ્પિક વ્યવસ્થા ઉપલબ્ધ કરાવ્યા બાદ જ ચોકી તોડવામાં આવે તેવો સુર ઉઠવા પામ્યો છે. આ મામલે રેલવે તંત્રને પણ લેખિતમાં રજુઆત કરવામાં આવી છે.

## જિલ્લાની ગ્રામ પંચાયતોને ૧૪માં નાણાંપંચ અંતર્ગત બે વર્ષમાં ૩૨.૩૧ કરોડની ગ્રાન્ટ

ગાંધીનગર તા ૩૦

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૧૪માં નાણાંપંચ અંતર્ગત તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોને ગ્રાન્ટ ફાળવવામાં આવી ? ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોક પટેલના જવાબમાં પંચાયત મંત્રીએ જણાંવ્યા મુજબ વર્ષ ૨૦૧૫-૧૬ દરમિયાન જિલ્લાની ૨૫૨ ગ્રામ પંચાયતો તેમજ વર્ષ



**વિધાનસભામાં ગાંધીનગર**

**- ધનંજય જોષી**

૨૦૧૬-૧૭ દરમિયાન ૨૮૮ ગ્રામ પંચાયતોને રૂ ૩૨૩૧.૬૭ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. જયારે આ પૈકી ૨૩૧૦ લાખનો ખર્ચ થયો છે.

**જિલ્લાના ચારેય તાલુકામાં ૮૩૬૦ વારસાઈ હક્કની અરજીઓ**

ગાંધીનગર જિલ્લામાં ઈ ધરા કેન્દ્રમાં બે વર્ષ દરમિયાન તાલુકાવાર વારસાઈ હક્કની કેટલી અરજીઓ આવી જયારે આ પૈકી કેટલી નોંધો મંજુર કરવામાં આવી ? ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોક પટેલના પ્રશ્નના જવાબમાં મહેસુલ મંત્રીએ જવાબમાં જણાંવ્યા મુજબ જિલ્લાના ચારેય તાલુકામાં વારસાઈ હક્ક માટે કુલ ૮૩૬૦ અરજીઓ મળી હતી. જયારે આ પૈકી તમામ કીસ્સામાં નોંધ પાડવામાં આવી હતી. જો કે ૭૯૯૫ કિસ્સામાં નોંધોને મંજુર કરવામાં આવી છે. જયારે ૨૮૬ નોંધોને નામંજુર કરવામાં આવી છે. નિયમાનુસાર ન હોવાના લીધે નોંધો નામંજુર કરવામાં આવી હોવાનુ પણ તેમણે જણાંવ્યુ હતુ.

**જિલ્લા પંચાયતમાં મંજુર મહેકમ સામે ૮૨ જગ્યાઓ ખાલી**

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં સંવર્ગવાર મંજુર થયેલુ મહેકમ કુલ ૨૧૨ નુ છે. જેમાં છેલ્લા બે વર્ષમાં સંવર્ગ ૩ ની ૨૫ જગ્યાઓ ભરવામાં આવી છે. નિકોલના ધારાસભ્ય દ્વારા પુછાયેલા પ્રશ્નના જવાબમાં પંચાયત મંત્રીએ ઉત્તરમાં જણાંવ્યા મુજબ વર્ષ ૨૦૧૬ ની અંતિમ સ્થિતિએ પંચાયતમાં વર્ગ-૧ સંવર્ગની એક, વર્ગ-૨ ની ૪ તેમજ સંવર્ગ-૩ ની ૭૪ અને ચારની ત્રણ જગ્યાઓ ખાલી છે. આમ કુલ મંજુર મહેકમ સામે ૮૨ જગ્યાઓ ખાલી છે.

**જિલ્લાના ૧૦૯ નવા ઓદ્યોગિક એકમોને વિજ શુલ્કમાં રાહત**

ગાંધીનગર જિલ્લામાં બે વર્ષ દરમિયાન નવા સ્થપાયેલા ૧૦૯ નવા આદ્યોગિક એકમોને ઉત્પાદકીય હેતુ માટે વિદ્યુત શુલ્કની માફી આપવામાં આવી છે. સાણંદના ધારાસભ્યના પ્રશ્નના ઉત્તરમાં ઉર્જામંત્રીએ આપેલા જવાબમાં જણાંવ્યા મુજબ ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ -૧૯૫૮ની જોગવાઈ અને તે હેઠળ ઘડાયેલા નિયમો મુજબ રાજયમાં નવા સ્થપાતા આઘોગિક એકમો ઉત્પાદકીય હેતુ માટે વિદ્યુત શુલ્કમાં માફી આપવામાં આવી છે.

**બેસણું**

મારા સુપુત્ર **નીરજ** નું
તા. ૨૮-૩-૨૦૧૭ના રોજ અવસાન થયેલ છે.
સદ્ગતનું **બેસણું** તા. ૩૧-૩-૨૦૧૭ને શુક્રવારના રોજ
**સાંજે ૫-૦૦ થી ૭-૦૦ કલાકે** અમારા નિવાસ સ્થાને રાખેલ છે.

**નિવાસ સ્થાન**
**પ્લોટ નં. ૩૨૩, સેકટર-૨૨, ઘ-૫, સ્ટેટ બેંક પાસે, ગાંધીનગર.**

**રાજુ જોષી** (એક્વેરીયસ ટેક્નોલોજી)
**સ્વ. ડૉ. સુજન જોષી** (નિવૃત્ત કૃષિ નિયામક)

**બેસણું**



આપનું ગૌરવપૂર્ણ અને
ભાવના સમૃદ્ધ જીવન
અમારા વિકાસનો આધાર રહ્યું.
આપના મૂલ્યો, આપનુ ચિંતન અને
અમારા ઉપરનો પ્રેમ
અમારા સર્વના જીવનની મૂડી બન્યા.
આપનો સંગાથ અમારા જીવનનું
અમૂલ્ય સંભારણુ બન્યુ.

અમારા પૂજ્ય પિતાશ્રી **ગેબાભાઈ હેમતાભાઈ પટેલ**
**તા. ૨૮-૦૩-૨૦૧૭ને મંગળવાર**ના રોજ દેવલોક પામ્યા છે.
સદ્ગતનું બેસણું **નાનાચેખલા** તથા **ગાંધીનગર** મુકામે રાખેલ છે.

**સ્થળ: નાનાચેખલા, તા. તલોદ, જિ. સાબરકાંઠા**
**તારીખ: ૩૧/૦૩/૨૦૧૭, શુક્રવાર ● સમય: સવારે ૯ થી ૪**

**સ્થળ: ગાંધીનગર, સેક્ટર-૧-સી, પ્લોટ નં. ૩૫૩, ચ-૨ સર્કલ પાસે**
**તારીખ: ૨/૦૪/૨૦૧૭, રવિવાર ● સમય: સવારે ૯ થી ૧૨**

છનાભાઈ ગેબાભાઈ પટેલ
રામજીભાઈ ગેબાભાઈ પટેલ
બાબુભાઈ ગેબાભાઈ પટેલ
જ્યંતીભાઈ ગેબાભાઈ પટેલ
પોપટભાઈ ગેબાભાઈ પટેલ
તથા સમસ્ત પરિવાર

**હાર્દિક અભિનંદન**



**તા. ૨૭/૩/૨૦૧૭ના રોજ માન. મંત્રીશ્રી સામાજીક ન્યાય અને અધિકારીતા, મહિલા બાળ વિકાસ, ગુજરાત સરકાર, ગાંધીનગર શ્રી આત્મારામભાઈ પરમારના વરદ હસ્તે વીરમાયા સ્મારક ભવન-પાટણના બાંધકામ માટે રૂ. ૧૧,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા અગિયાર લાખ પુરા)નો ખાતા હસ્તકની ગ્રાંટમાંથી ચેક સમિતિના ચેરમેન શ્રી ઝવેરભાઈ ચાવડા (પૂર્વ કલેક્ટર)ને અર્પણ કરતા નજરે પડે છે. ડાબી બાજુ માન. કેબીનેટ મંત્રીશ્રી આત્મારામભાઈ પરમાર, સમિતિના ચેરમેનશ્રી ઝવેરભાઈ ચાવડા, મહામંત્રી શ્રી ડી. પી. પરમાર, અનુ.જાતિ કલ્યાણ ખાતાના ડાયરેક્ટર શ્રી કે. ડી. કાપડીયા તથા સમિતિના મંત્રી અને એડવોકેટ શ્રી કે. આઈ. પટેલ દ્દષ્ટિગોચર થાય છે.**

**સમિતિના સભ્યો અને સમગ્ર દલિત સમાજ રાજ્ય સરકારના કેબિનેટ મંત્રીશ્રી આત્મારામભાઈ પરમારનો હૃદયપૂર્વક આભાર સહ અભિનંદન પાઠવે છે...**

લી.
**વીરમાયા સ્મારક સમિતિ**
ગુજરાત વણકર સમાજ, પાટણ


**જાહેર આમંત્રણ**



ભગવાન શ્રી રામેશ્વર મહાદેવના સાનિધ્યમાં
રામેશ્વરમ્‌ની પૂણ્ય ભૂમિ પર સંગીતમય

**શ્રી રામકથા સત્સંગ**

યાત્રા પ્રારંભ : તા. ૩-૧૦-૨૦૧૭ યાત્રા વિરામ : તા. ૧૬-૧૦-૨૦૧૭



: વક્તા :
પ.પૂ. શ્રી કન્હૈયાલાલજી મહારાજ

કથા વિરામ બાદ લકઝરી દ્વારા કન્યાકુમારી, ત્રિવેન્દ્રમ, મદુરાઇ, શ્રીરંગમ્, કુંભકોણમ્, તાંજોર, મહાબલી પૂરમ, કાંચીપૂરમ્, શિવકાંચી, વિષ્ણુકાંચી, બેલુરમઠ (ગોલ્ડન ટેમ્પલ), તિરુપતી બાલાજી વગેરે સ્થળોમાં શાસ્ત્રોમાં દર્શાવેલ દર્શનનો લાભ.

મર્યાદિત સભ્યો લેવાના હોઇ વહેલા તે પહેલાના ધોરણે નામ નોંધવામાં આવશે.

કથાના ખર્ચ પેટે
વ્યક્તિ દીઠ રૂા. ૧૨,૫૦૦/- અને સિનિયર સીટીઝન માટે રૂા. ૧૧,૯૦૦/- રાખેલ છે.
તારીખ ૨૦-૫-૨૦૧૭ સુધીમાં રૂા. ૫,૦૦૦/- નીચેના સરનામે જમા કરાવી પોતાનું નામ રજીસ્ટર્ડ કરાવી લેવાનું રહેશે.

વધુ વિગત માટે રૂબરૂ મળો

સંપર્ક : ૐકાર ગ્રાફિક્સ, બી-૫, શાલિન કોમ્પ્લેક્ષના ભોંયરામાં, ૧૭/૨૨, બસસ્ટેન્ડ પાસે, સેક્ટર-૨૨, ગાંધીનગર.
શ્રી કન્હૈયાલાલ પંડ્યા પ્લોટ નં.૧૦૧૨/૧, સેક્ટર-૪/એ, ગાંધીનગર
મો. ૯૪૨૮૨ ૧૭૫૫૭, ૭૭૭૯૦ ૨૮૮૨૧, ૯૮૨૪૦ ૫૯૬૩૫

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com